ગુજરાત માહિતી બ્યુરો
ગુજરાત સરકાર, ગાંધીનગર

૧૮ જાન્યુઆરી-૨૦૧૭ સ...સં... ૧૧૮

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે

## રાજ્યમંત્રી મંડળની બેઠકમાં લેવાયેલો મહત્વનો નિર્ણય

## ફીક્સ પગારદારના કર્મચારીઓને સાતમાં પગારપંચ મુજબના પે-મેટ્રીકસ અનુસાર લાગુ પડતા એન્ટ્રી લેવલના આધારે લઘુત્તમ પગારનો લાભ અપાશે : નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

.. .. .. .. .. ..

- જુદી જુદી કેડરમાં ૬૩ ટકા થી ૧૨૪ ટકા સુધીનો પગાર વધારો
- તમામ ફીક્સ પગારદારોની નોકરી હવેથી સળંગ ગણાશે : કર્મચારીઓને પ્રમોશન અને ભથ્થામાં મળશે લાભ
- ૧,૧૮,૭૩૮ કર્મચારીઓને લાભ : રાજ્ય સરકારને વાર્ષિક રૂ.૧૩૭૨ કરોડનું વધારાનું ભારણ
- ૧ લી ફેબ્રુઆરી-૨૦૧૭ થી અમલ

.. .. .. .. .. ..

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યુ છે કે, રાજ્ય સરકારમાં ફીક્સ પગારથી નોકરી કરતાં કર્મચારીઓને સાતમાં પગારપંચ મુજબના પે-મેટ્રીકસ અનુસાર લાગુ પડતા એન્ટ્રી લેવલના આધારે લઘુત્તમ પગારનો લાભ આપવાનો તથા તેમની નિયુક્તિ તારીખથી સેવા સળંગ ગણવાનો ખુબ જ મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે આજે કર્યો છે. જેનો લાભ અંદાજે ૧,૧૮,૭૩૮ કર્મચારી ભાઇ-બહેનોને મળશે અને ૧ લી ફેબ્રુઆરી-૨૦૧૭ થી અમલવારી કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ઉમેર્યું હતુ કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે રાજ્યના કર્મચારીઓના હિતમાં અનેકવિધ નિર્ણયો કર્યા છે ત્યારે વિવિધ કર્મચારી મંડળો, ધારાસભ્યશ્રીઓ તથા સેવાભાવી સંગઠનો તરફથી રજુઆતો મળી હતી. આજે મળેલ રાજ્યમંત્રી મંડળની બેઠકમાં આ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૦૬ થી ફીક્સ પગારદારોની નિમણૂંકો આપવામાં આવેલી છે તે કર્મચારીઓની વિવિધ કેડરોમાં હાલમાં મળતાં પગારમાં ૬૩ થી ૧૨૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, સાથેસાથે આ કર્મચારીઓની સેવાઓને પણ સળંગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેનાથી કર્મચારીઓને પ્રમોશન અને ભથ્થાઓમાં પણ સવિશેષ લાભ મળશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે, પાંચ વર્ષના સમયગાળાને સળંગ નોકરી ગણવાથી કર્મચારીઓને ઝડપથી પ્રમોશન મળી શકશે અને જુદા જુદા ભથ્થાઓ મેળવવામાં પણ સવિશેષ લાભ મળશે એટલુ જ નહીં, આ નિર્ણયની લાંબા ગાળાની અસર અન્વયે કર્મચારીઓને નિવૃત્તિ લાભમાં પણ ફાયદો થશે.

તેમણે ઉમેર્યું હતુ કે, ફીક્સ પગારદારની જુદી જુદી ચાર કેડરોમાં સાતમાં પગારપંચનો લાભ આપતાં કર્મચારીઓના પગારમાં જે વધારો થયો છે તે નીચે મુજબ છે.

| ક્રમ | ફીક્સ પગારદાર કર્મચારીનો જુનો પગાર | વધારો | સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રીક્ષ લઘુત્તમ અને અન્ય ભથ્થા |
|---|---|---|---|
| ૧ | રૂ.૧૦,૫૦૦ | ૬૩ % | રૂ.૧૬,૨૨૪ |
| ૨ | રૂ.૧૧,૫૦૦ | ૭૩ % | રૂ.૧૯,૯૫૦ |
| ૩ | રૂ.૧૬,૫૦૦ | ૯૦ % | રૂ.૩૧,૩૪૦ |
| ૪ | રૂ.૧૭,૦૦૦ | ૧૨૪ % | રૂ.૩૮,૦૯૦ |

આ નવા પગારનો લાભ વિવિધ કેડરોના કર્મચારીઓને મળનાર છે તેમાં વિદ્યા સહાયક, પોલીસ ઇન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ, એ.એસ.આઇ., તલાટી, શિક્ષણ સહાયક, કારકુન, પી.એસ.આઇ., ઓફીસ આસીસ્ટન્ટ, પેટા હિસાબનીશ, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર, આંકડા મદદનીશ, જુની.ટેકનીકલ આસીસ્ટન્ટ, નાયબ હિસાબનીશ, હેડ ક્લાર્ક, નાયબ સેક્શન અધિકારી, અધિક મદદનીશ ઇજનેર, કચેરી અધિક્ષક, જુનીયર જીયોલોજી, આર્કીટેક્ટ આસીસ્ટન્ટ, સુપ્રિટેન્ડેન્ટ આર્કીયોલોજીસ્ટ, સ્ટાફ નર્સ, ડ્રાઇવર, વોર્ડ બોયનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારના આ કર્મચારીલક્ષી નિર્ણયથી, દર વર્ષે અંદાજે રૂ.૧૩૭૨ કરોડનો ખર્ચ વધશે અને વિવિધ ભથ્થાઓ તેમજ ઉચ્ચતર પગારધોરણ, બઢતી જેવા સેવા વિષયક લાભો અંગે થનાર ખર્ચ અલગ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જે ૧,૧૮,૭૩૮ કર્મચારીઓને આ નવા પગારનો લાભ મળવાનો છે તેમાં ૯૯,૮૫૨ કર્મચારીઓને રૂ.૧૯,૯૫૦, ૧૫,૭૨૨ કર્મચારીઓને રૂ.૩૧,૩૪૦ અને ૩૧૬૪ કર્મચારીઓને રૂ.૩૮૦૯૦ નો નવો પગાર ૧ લી ફેબ્રુઆરી-૨૦૧૭ થી ચુકવાશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હેતુ કે, ફીક્સ પગારદારોની શરૂઆતથી એટલે કે, નિમણૂંકની તારીખથી સેવાઓ નિયમિત ગણાશે, વર્ષ-૨૦૦૬ કે જ્યારથી ફીક્સ પે નીતિ હેઠળ ભરતી થયા હોય તેવા તમામ કર્મચારીઓને, આનો લાભ મળશે. જેનાથી શરૂઆતની પાંચ વર્ષની સીનીયોરીટી, ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળશે તથા બઢતી અને પેન્શનમાં પણ વિવિધ લાભો મળશે.

દિલીપ ગજ્જર / જિતેન્દ્ર રામી ... ..............